# આપણા અંગ અવયવોથી :-

## (એકવાર રોજ વાંચવું)

**(પરમ પૂજ્ય ગુરુદેવ દ્વારા સમય સમય પર આપવામાં આવેલ મહત્ત્વપૂર્ણ નિર્દેશ, જે દરેક લોકસેવી કાર્યકર્તા, સમયદાની-સમર્પિત શિષ્ય પર લાગૂ પડે છે, જેમાં તેઓ શ્રી એ એ અનુરોધ કર્યો છે કે કાર્યક્ર્તા પોતાનું ચિંતન, જીવનશૈલી કેવી રાખે.)**

આ મનોભાવ અમારી ત્રણ આંગળીઓ મળીને લખી રહી છે, કોઈ દિવ્ય સત્તા બતાવી કે લખાવી રહી છે. મસ્તિષ્ક અને હૃદયનો પ્રત્યેક કણ, અણુ અણુ તેને લખી રહ્યો છે. લખી જ નથી રહ્યો, પરંતુ તેને પૂરો કરવાના તાણાવાણા ગૂંથી રહ્યો છે. યોજનાની પૂર્તિમાં તો કોણ જાણે કેટલાયે લોકોના કેટલાય પ્રકારના મનોયોગ અને શ્રમ સમય, સાધન વિગેરેનો ભાગ હશે. માત્ર લખનારી આંગળીઓ ન રહે અથવા કાગળ-કલમ ચૂકી જાય છતાં પણ કાર્ય રોકાવાનું નથી; કારણ કે લોહીનો પ્રત્યેક કણ અને મસ્તિષ્કનો પ્રત્યેક અણુ તેની પાછળ કામ કરી રહ્યો છે. એટલું જ નહીં, તે દૈવી સત્તા પણ સતત સક્રિય છે, જે આંખોથી ન તો જોઈ શકાય છે અને ન દેખાડી શકાય છે. યોજના મોટી છે, એટલી મોટી કે જેટલું મોટું તેનું નામ છે: ''યુગ પરિવર્તન''. તેના માટે અનેક વરિષ્ઠોના મહાન યોગદાન તેમાં લાગશે. તેનું શ્રેય સંયોગવશ કોઈને પણ કેમ ના મળે?

પ્રસ્તુત યોજનાને વારંવાર વાંચો. એ દૃષ્ટિથી કે તેમાં સૌથી મોટું યોગદાન તેમનું હશે, જે આ દિવસોમાં અમારા કલેવરના (શરીર)ના અંગ અવયવ બનીને રહી રહ્યા છે. આપ સર્વની સમન્વિત શક્તિનું નામ જ તે વ્યક્તિ છે, જે આ પંક્તિઓને લખી રહ્યો છે.

કાર્ય કેવી રીતે પૂરું થશે? એટલા સાધનો ક્યાંથી આવશે? તેની ચિંતા આપ (તમે) ન કરશો. જેઓએ કરવા માટે કહ્યું છે, તેઓ જ તેના માટેના સાધન પણ એકત્રિત કરશે. આપ તો માત્ર એક જ વાત વિચારો કે અધિકાધિક શ્રમ તથા સમર્પણ કરવામાં કોણ એકબીજાથી આગળ રહેશે?સાધન, યોગ્યતા, શિક્ષણ વગેરેની દૃષ્ટિથી હનુમાન તેમના સમુદાયમાં અકિંચન હતા. તેમનો ભૂતકાળ ભાગેડું સુગ્રીવની નોકરી કરવામાં વીતેલો હતો, પરંતુ જ્યારે મહાન શક્તિની સાથે સાચાં મન અને પૂર્ણ સમર્પણથી જોડાઈ ગયાં તો લંકા દહન, સમુદ્ર લંઘન અને પર્વત ઉખાડી નાંખવાનું તેમજ રામ લક્ષ્મણને ખભા પર બેસાડી ફેરવવાનું શ્રેય માત્ર તેમને જ મળ્યું. આપ સર્વમાંથી દરેકની પાસે એક જ આશા-અપેક્ષા છે કે કોઈપણ પરિજન હનુમાનથી ઓછા સ્તરનો ન હોય. પોતાના કર્તૃત્વમાં (કર્તવ્ય)માં કોઈપણ અભિન્ન સહચર પાછળ ન રહે.

કામ શું કરવું પડશે? એ નિર્દેશ અને પરામર્શ આપ સર્વને સમય સમય પર મળતો રહેશે. કાર્ય બદલાતું રહેશે અને બગડતું પણ રહે. તમે તો લોકો માત્ર એકજ વાતનું સ્મરણ રાખશો કે જે સમર્પણ ભાવને લઈને ઘેરથી નીકળ્યાં હતા, પહેલા લઈને આવ્યા હતાં (અમારી સાથે જોડાયા હતાં) તેમાં દિવસે દિવસે બઢોતરી થતી રહે. ક્યાંય રાઈ-રત્તીભર ઉણપ ન આવી જાય.

કાર્યની વિશાળતાને સમજો. લક્ષ્ય સુધી નિશાન ન લાગે તો પણ તે સ્થાન સુધી અવશ્ય પહોંચશે, જેને અદ્દભૂત અનુપમ, અસાધારણ અને ઐતિહાસિક કહી શકાય. જેના માટે મોટા સાધનો જોઈશે, તે ઠીક છે. તેનો ભાર દિવ્ય સત્તા પર છોડી દો, તમે તો માત્ર એટલું જ કરો કે શ્રમ, સમય, ગુણ-કર્મ, સ્વભાવમાં ક્યાંય ત્રુટિ ન રહી જાય. વિશ્રામની વાત ન વિચારો, અહર્નિશ એક જ વાત મનમાં રાખો કે અમે આ પ્રસ્તુતીકરણમાં પૂર્ણ રૂપથી ખપી જઈને કેટલું યોગદાન આપી શકીએ તેમ છીએ? કેટલો ભાર ઉપાડી શકીએ તેમ છીએ? સ્વયંને અધિકાધિક વિનમ્ર બનાવો તથા બીજાને હંમેશા મોટા માનો ખુદ સ્વયંસેવક બનવામાં ગૌરવ અનુભવ કરો. તેમાં જ તમારી મોટાઈ છે.

તમારા થાક અને સુવિધાની વાત ન વિચારશો. જે કરો તેનો અહંકાર ન કરશો, પરંતુ એટલું જ વિચારો કે અમારું ચિંતન, મનોયોગ તથા શ્રમ કેટલી ઉંચા દરજ્જાની ભૂમિકા નિભાવી શક્યા? કેટલી મોટી છલાંગ લગાવી શક્યા? તે જ આપની અગ્નિ પરીક્ષા છે. તેમાં જ તમારા ગૌરવ અને સમર્પણની સાર્થક્તા છે. તમારા સાથીઓની શ્રદ્ધા તથા ક્ષમતા ઘટવા ન દેશો, તેને ઉત્તરોત્તર વધારતા રહો.

યાદ રાખો કે મિશનનું કામ આવનાર દિવસોમાં ખૂબ વધશે. અત્યારે છે તેનાથી અનેકગણું વધારે. તેના માટે તમારી તત્પરતા એવી હોવી જોઈએ કે જે ઉંચામાં ઉંચા દરજ્જાની કહી શકાય. તમારો અંતરાલ જેની તુલના (લેખાં-જોખાં) કરતા પોતાને કૃત-કૃત્ય કે ધન્ય અનુભવી શકાય. તમે ફૂલ્યા ન સમાવ; અને પ્રેરક સત્તા તમને એટલા ઘનિષ્ઠ બનાવે. જેટલા કે રામ પંચાયતમાં છઠ્ઠા હનુમાન પણ ઘૂસ્યા હતાં.

કહેવાનો સારાંશ એટલો જ છે કે આપ નિત્ય પોતાના અંતરાત્માને પૂછો જે હું કરી શકું છું તેમાં ક્યાંય રાઈ-રત્તીભર ત્રુટિ તો નથી રહી ગઈને? આળસ-પ્રમાદને ચુપકીથી તમારા ક્રિયાકલાપોમાં ઘૂસવાનો અવસર તો નથી મળી ગયો ને? અનુશાસનમાં વ્યતિરેક તો નથી થયો? પોતાના કૃત્યોને બીજાનાથી વધારે સમજવાની અહંતા ક્યાંય છપ રૂપે તમારા પર સવાર તો નથી થઈ ગઈ?

આમ વિરાટ યોજના પૂરી થઈને જ રહેશે. જોવાનું એટલું જ છે કે આ અગ્નિ પરીક્ષાની વેળામાં તમારું શરીર, મન અને વ્યવહાર ક્યાંય ગડબડાયો તો નથી? ઉંચા કામ હંમેશા ઉંચા વ્યક્તિત્વ જ કરે છે. કોઈ લંબાઈથી ઉંચા નથી હોતા. શ્રમ, મનોયોગ, ત્યાગ અને નિરહંકારિતા જ કોઈને ઉંચા બનાવે છે. આગળનો કાર્યક્રમ ઉંચો છે. તમારી ઉંચાઈ તેનાથી ઓછી ન પડવી જોઈએ. આ એકજ આશા, અપેક્ષા અને વિશ્વાસ આપ લોકો પર રાખીને કદમ આગળ વધી રહ્યાં છે. તમારામાંથી કોઈ આ વિષમ વેળામાં પાછળ ન રહી જાવ, જેના માટે પાછળથી પશ્ચાતાપ કરવો પડે.

**પં૦ શ્રીરામ શર્મા આચાર્ય**
**-શાંતિકુંજ હરિદ્વાર (ઉત્તરાંચલ)**